**B.A./B.Com. અને M.A/M.Com. ના (CBCS) અને NEP-2020 પધ્ધતિથી ચાલતા એક્ષટર્નલ વિદ્યાર્થીઓ માટેના વિવિધ સેમેસ્ટરની એક્ષટર્નલ પરીક્ષાઓ માટે આવેદનપત્રો ભરવા માટેની અગત્યની સૂચનાઓ (સૂચનાઓની પ્રિન્ટ લઈ સાચવી રાખો)**

- ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ www.gujaratuniversity.ac.in પરથી જરૂરી વિગતો ભર્યા બાદ પરીક્ષા આપવા માંગતા કોર્ષ અને સેમેસ્ટર પ્રમાણે આવેદનપત્ર (ફોર્મ) ડાઉનલોડ કરી, પ્રિન્ટેડ બારકોડ યુનિક આઈડીવાળા આવેદનપત્ર જ નજીકની પોસ્ટ ઓફિસમાં ફોર્મ ઉપર દર્શાવેલ નિયત ફી સાથે સ્વીકારવામાં આવશે. હાથે લખેલ ચેકચાક વાળા સુધારેલા આવેદનપત્રો સ્વીકારવામાં આવશે નહીં.
- **નીચે દર્શાવેલ કોષ્ટકમાં મુજબ છેલ્લી તારીખો પછી પરીક્ષાના આવેદનપત્ર સ્વીકારવા માટે યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલ સમયમર્યાદામાં મંજુર થયેલ લેટ ફી સાથે એક્સટર્નલ વિભાગમાં જ રૂબરૂમાં ફી ભર્યા બાદ જ સ્વીકારવામાં આવશે.**
- ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**પરીક્ષાના આવેદનપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખો નીચે મુજબ છે.**

| Sr. No. | Examination Name | University Exam form filling Starting date | Last date Without late Fees | Last date with Late Fees Rs. 500/- |
|---|---|---|---|---|
| 1. | B.A., B.Com Sem -6 (CBCS)<br>M.A/M.Com Sem-4 (Fresh/Repeater) | 10/03/2025 | 22/03/2025 | Contact External Department |
| 2. | B.A., B.Com., SEM 4 NEP-2020 (Fresh/Repeater) | 18/03/2025 | 04/04/2025 | 09/04/2025 |
| 3. | M.A/M.Com Sem-2 (Fresh/ Repeater) | 25/03/2025 | 07/04/2025 | 11/04/2025 |
| 4. | B.A., B.COM., SEM 2 CBCS અને NEP-2020 (Fresh/Repeater) | 25/03/2025 | 07/04/2025 | 11/04/2025 |
| | | CBCS કોર્ષ માટેના ફોર્મ એક્સટર્નલ વિભાગમાં રૂબરૂમાં સ્વીકારવામાં આવશે પોસ્ટ ઓફિસમાં આ કોર્ષના ફોર્મ જમા કરાવવા નહિ | | |
| 5. | B.A., B.Com., SEM 4 CBCS (Fresh/Repeater)<br>**પોસ્ટ ઓફિસમાં આ કોર્ષના ફોર્મ જમા કરાવવા નહિ** | 03/04/2025 | 21/04/2025 | 25/04/2025 |
| | | **ફોર્મ એક્સટર્નલ વિભાગમાં રૂબરૂમાં સ્વીકારવામાં આવશે** | | |

- દરેક વિદ્યાર્થીએ હાલમાં અમલમાં હોય તેવા અભ્યાસક્રમ પ્રમાણે જ તૈયારી કરવાની રહેશે.
- વિવિધ વિષયોના વિગતવાર અભ્યાસક્રમ અંગેની જાણકારી વિદ્યાર્થી ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી જાતે મેળવી લેવી. યુનિવર્સિટીએ ઠરાવેલ અભ્યાસક્રમ મુજબ જ મજકુર પરીક્ષા લેવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.
- ફોર્મ સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે ફોર્મ જમા કરાવતી વખતે તમામ અસલ દસ્તાવેજો ચકાસણી માટે સાથે રાખવા ફરજીયાત છે.
- બીકોમ/બીએ/એમકોમ/એમએના ગુણપત્રક અથવા પરિણામની કોમ્પ્યુટર પ્રિન્ટ અથવા એડમિટ કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ ફોર્મ સાથે જોડાવાની રહેશે.
- પરીક્ષા શરૂ થવાનાં ત્રણ દિવસ પહેલા બેઠક નંબર તથા બેઠક વ્યવસ્થા તેમજ પરીક્ષા એડમિટ કાર્ડ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી, જાતે જ પ્રિન્ટ મેળવી લેવી.
- વિવિધ વિષયોના વિગતવાર અભ્યાસક્રમ, પરીક્ષાનો કાર્યક્રમ, પરીક્ષા બેઠક વ્યવસ્થા અને એડમિટ કાર્ડ અંગેની જાણ ટપાલ કે SMS મારફતે મોકલવામાં આવશે નહીં. આ જાણકારી વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ ઉપરથી જાતે મેળવી લેવાની રહેશે જેની તમામ સંબંધ કર્તાઓએ નોંધ લેવી. **એડમિટ કાર્ડમાં કોઈ ફેરફાર જણાય તો તાત્કાલિક એક્સટર્નલ વિભાગમાં જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.**
- બી.એ/બી.કોમ (CBCS) અને NEP-2020 સેમેસ્ટર ૨,૪,૬ (Fresh/Repeater)
    - ફોર્મ ફી રૂ. ૫૦/-, પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ સહિત રૂ. ૭૦૦/-, **કૂલ ફી રૂ. ૭૫૦/-**
- એમ.એ/એમ.કોમ (CBCS) સેમેસ્ટર ૨,૪ (Fresh/Repeater)
    - ફોર્મ ફી રૂ. ૫૦/-, પરીક્ષા ફી, નોંધણી ફી, માર્કશીટ સહિત રૂ. ૯૦૦/- , **કૂલ ફી રૂ. ૯૫૦/-**